–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં વેસ્ટર્ન રેલ્વે વિભાગ,અમદાવાદ દ્વારા સાબરમતી–સરખેજ રેલ્વે રૂટ ઉપર આવેલ ચાંડલોડીયા વિસ્તારમાં રેલ્વે બ્રીજ બનાવવાનો કોન્ટ્રાક્ટ ખોડલ કોર્પોરેશનને આપવામાં આવેલ હોય, જે સાબરમતી–સરખેજ રેલ્વે નં.૫ ની બાજુમાં રેલ્વેની બીજી નવી લાઈન બનાવવા માટે કામગીરી ચાલુ છે અને હાલમાં આ બ્રીજની બાજુમાં નવો બ્રીજ બનાવવાનો હોય જેથી જુના બ્રીજ નીચેનો રસ્તો બંધ કરી બ્રીજ નં.૫ નીચેથી અવર–જવર કરતા વાહન ચાલકો માટે બાજુમાં આવેલ બ્રીજ નં.૪ નીચેથી વાહનો ડાયવર્ટ કરવામાં આવનાર છે. આ કામગીરી **૪–મહીના સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા દરમિયાન** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	**વૈકલ્પિક માર્ગ**
સાબરમતી–સરખેજ રેલ્વે રૂટ ઉપર આવેલ ચાંદલોડીયા વિસ્તારનો રેલ્વે બ્રીજ નં.૫ ની નીચેનો ૧૦૦ મીટરનો માર્ગ તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ રહેશે.	**૧.** ચાંદલોડીયા તરફથી આવતો ટ્રાફિક ન્યુ રાણીપ, ચેનપુર, સાબરમતી, ચાંદખેડા તરફ જવા માટે ચાંદલોડીયા રેલ્વે બ્રીજ નં.૪ નીચેથી પસાર થઈ અલગ અલગ માર્ગ તરફ જઈ શકાશે. **૨.** ન્યુ રાણીપ, ચેનપુર, સાબરમતી, ચાંદખેડા તરફથી આવતો ટ્રાફિક ચાંદલોડીયા રેલ્વે બ્રીજ નં.૪ નીચેથી પસાર થઈ અલગ અલગ માર્ગ તરફ જઈ શકાશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૭/૮/૨૦૨૬
'પોલીસ કમિશનરશ્રી નાઓના હુકમથી'

(અશ્વિન ચૌહાણ)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર